| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | ૮૦ | | |
| દાખલ તારીખ | : | ૨૯ | ૦૭ | ૨૦૦૬ |
| રજિસ્ટર્ડ તારીખ | : | ૨૯ | ૦૭ | ૨૦૦૬ |
| ફેંસલ તારીખ | : | ૨૫ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | : | ૧૯ | ૦૭ | ૨૫ |

---

# મે. અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, કલોલ, જી. ગાંધીનગર.

---

<u>ફોજદારી કેસ નંબર – ૧૬૫૧/૨૦૦૬</u>

<u>ફરિયાદી</u> : શ્રી સરકાર મારફતે
વિ.એ.પી.પી.શ્રી

વિરુદ્ધ

<u>આરોપી</u> : (૧) ભુપતજી શનાજી ઠાકોર (એબેટ)
રહે. રાજનગર પરૂં, સાંતેજ, તા. કલોલ,
જી. ગાંધીનગર.

(૨) મુકેશભાઇ ચંદુભાઇ હઠીલા (એબ્સ્કોંડીંગ)
હાલ રહે. શાહ એલોયેઝ ફેક્ટરી, સાંતેજ,
તા. કલોલ, જી. ગાંધીનગર.
મૂળ રહે. દાહોદ રેલ્વે સ્ટેશન બાજુમાં,
તા.જી. દાહોદ.

(૩) સોબનભાઇ બહીયાભાઇ ભિલવાડ (એબ્સ્કોંડીંગ)
હાલ રહે. શાહ એલોયેઝ ફેક્ટરી, સાંતેજ,
તા. કલોલ, જી. ગાંધીનગર.
મૂળ રહે. કાછલા, તા. ગરબાડા, જી. દાહોદ.

(૪) વિનુભાઇ બચુભાઇ હઠીલા (એબ્સ્કોંડીંગ)
હાલ રહે. શાહ એલોયેઝ ફેક્ટરી, સાંતેજ,
તા. કલોલ, જી. ગાંધીનગર.
મૂળ રહે. અભલોડ, તા. ગરબાડા, જી. દાહોદ.

---

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ધ ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A- અન્વયેના નોટિફિકેશન નંબર–સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રર્ફોમા મુજબ**

---

## ફોર્મ–એ

| | | | |
|---|---|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | : | ઇ.પી.કો.ની કલમ–૩૨૩, ૩૨૫, ૪૪૭, ૫૦૪, ૧૧૪ અને બી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ. | |
| ફરિયાદી | : | શ્રી સરકાર | |
| વિ.એ.પી.પી.શ્રી | : | એચ. એમ. મન્સુરી | |
| આરોપીઓ | : | ૧ | ભુપતજી શનાજી ઠાકોર (એબેટ) |
| | | ૨ | મુકેશભાઇ ચંદુભાઇ હઠીલા (એબ્સ્કોંડીંગ) |
| | | ૩ | સોબનભાઇ બહીયાભાઇ ભિલવાડ (એબ્સ્કોંડીંગ) |
| | | ૪ | વિનુભાઇ બચુભાઇ હઠીલા (એબ્સ્કોંડીંગ) |
| આરોપીઓ તરફે | : | વિ.વ.શ્રી બી. એચ. રાવલ | |

## ફોર્મ–બી

| | | |
|---|---|---|
| ગુનો બન્યાની તારીખ | : | ૩૧/૦૫/૨૦૦૬ |
| ફરિયાદની તારીખ | : | ૦૧/૦૬/૨૦૦૬ |
| ચાર્જશીટની તારીખ | : | ૨૫/૦૬/૨૦૦૬ |
| ચાર્જશીટની તહોમત ફરમાવ્યાની તારીખ | : | ૦૯/૦૩/૨૦૦૭ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | : | ૩૦/૦૬/૨૦૦૭ |
| ચૂકાદાની તારીખ | : | ૨૫/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ(જો કોઇ હોય તો) | : | ––– |

### આરોપીની વિગત:

| આરોપી નંબર | (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|---|
| આરોપીનું નામ | ભુપતજી શનાજી ઠાકોર (એબેટ) | મુકેશભાઇ ચંદુભાઇ હઠીલા (એબ્સ્કોંડીંગ) | સોબનભાઇ બહીયાભાઇ ભિલવાડ (એબ્સ્કોંડીંગ) | વિનુભાઇ બચુભાઇ હઠીલા (એબ્સ્કોંડીંગ) |
| ધરપકડની તારીખ | ૦૨/૦૬/૨૦૦૬ | ૦૨/૦૬/૨૦૦૬ | ૦૨/૦૬/૨૦૦૬ | ૦૨/૦૬/૨૦૦૬ |
| જામીન પર મુક્ત કરવામાં આવેલ હોય | ૦૨/૦૬/૨૦૦૬ | ૦૨/૦૬/૨૦૦૬ | ૦૨/૦૬/૨૦૦૬ | ૦૨/૦૬/૨૦૦૬ |

| આરોપી નંબર | (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|---|
| તો તેની તારીખ | | | | |
| કયાં ગુનાના આક્ષેપો છે? | ઇ.પી.કો.ની કલમ–૩૨૩, ૩૨૫, ૪૪૭, ૫૦૪, ૧૧૪ અને બી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ. | | | |
| નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર? | નિર્દોષ | નિર્દોષ | નિર્દોષ | નિર્દોષ |
| શું સજા કરી? | --- | --- | --- | --- |
| સીઆર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે? | --- | --- | --- | --- |

## <u>ફોર્મ–સી</u>

## ફરિયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદનું લિસ્ટ

### (એ) ફરિયાદ પક્ષ તરફે:

### ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

| નં. | સાહેદનું નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ગોવિંદજી ખોડાજી ઠાકોર | પંચસાહેદ | ૧૪ |
| ૨ | જયંતિભાઇ રવજીભાઇ વાલાણી | પંચસાહેદ | ૩૮ |
| ૩ | ઉમેદજી ગલાજી ઠાકોર | પંચસાહેદ | ૫૫ |
| ૪ | ઉમેદજી ગલાજી ઠાકોર | પંચસાહેદ | ૬૦ |
| ૫ | કરણસિંહ બળદેવસિંહ વાઘેલા | પોલીસ સાહેદ | ૭૧ |

### (બી) બચાવ પક્ષ તરફે (જો હોય તો):

| નં. | સાહેદનું નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

### (સી) કોર્ટ તરફે (જો હોય તો):

| નં. | સાહેદનું નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

### ફરિયાદ પક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા:

### (ડી) દસ્તાવેજી પુરાવા:

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | મારક હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામું અસલ | ૧૫ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામાની નકલ | ૩૯ |
| ૨ | અસલ ફરિયાદ | ૭૨ |
| ૩ | અસલ સૂચિપત્ર | ૭૩ |
| ૪ | અસલ કેસર સાલ હોસ્પિટલના મેડિકલ સર્ટિફિકેટ્સ | ૭૪ થી ૭૬ |

### (ઈ) બચાવ પક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

### (એફ) કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજો

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

---

## –:: ઠ રા વ ::–

**આરોપી વિરુદ્ધ તહોમત:–**

(૧) હાલના કામે આરોપીઓ વિરુદ્ધ ઇ.પી.કો.ની કલમ–૩૨૩, ૩૨૫, ૪૪૭, ૫૦૪, ૧૧૪ અને બી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષા

પાત્ર ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

**<u>ફરિયાદ પક્ષના કેસની ટૂંકી વિગત:</u>**

(૨) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૩૧/૦૫/૨૦૦૬ ના રોજ કલાક-૨૨:૦૦ વાગ્યે, મોજે અમિ કેમ કંપની, પ્લોટ નં.૨૧૯૩/૯૫ માં ગેરકાયદેસર પ્રવેશ કરી આરોપીઓએ ફરિયાદીને છાપરાં ઉપર પથ્થર કેમ નાંખો છો, તેમ કહેતાં ફરિયાદીએ જણાવેલ કે, ''અમો પથ્થર નાંખતા નથી'' તેમ કહેતાં આરોપીઓએ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરિયાદીને ગાળો બોલી લોખંડની પાઇપથી ડાબા પગે નળા ઉપર માર મારી ફ્રેક્ચર કરેલ તેમજ સાહેદોને પણ પાઇપ-લાકડીથી માર મારી ઇજાઓ કરી ગુનો કરવામાં એકબીજાને મદદ કરી, ઉપરોક્ત મુજબના ગુના કર્યા હોવાની બાબત છે.

**<u>પોલીસ તપાસ અને ચાર્જશીટ રજૂ થયાની વિગત:</u>**

(૩) આ કામે ફરિયાદીની ફરિયાદના આધારે ગુનો દાખલ થતા, તે અન્વયે તપાસ કરનાર અમલદારે લાગતા-વળગતા સાહેદોના નિવેદનો લઇ, પંચો રૂબરૂ બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું કરી, આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો જણાતા, તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

**<u>આરોપીને સમન્સ તથા તહોમતનામું:</u>**

(૪) સદર કામે આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં ઉપરોક્ત ગુનાનું સંજ્ઞાન લઇ સમન્સ કાઢતા મુદત દરમ્યાન આરોપીઓ અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યાર બાદ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૨૦૭ મુજબ આરોપીઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૧૭૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૨૪૦(૧) પ્રમાણે ચારેય આરોપીઓ ઉપર આંક-૩ થી ઉપરોક્ત ગુનાઓનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ અને ત્યાર બાદ સદરહું તહોમતનામું આરોપીઓને વાંચી, સંભળાવી, સદરહું

તહોમતનામા અંગે ચારેય આરોપીઓની આંક–૪ થી ૭ સુધી પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જેમાં તેમણે ગુનો કબુલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. આરોપી નં.૧ સામેના ગુનાની મહત્તમ સજાની જોગવાઇ જોતાં, સદર ગુનો સીઆર.પી.સી.ની કલમ–૨(એક્સ) અન્વયે વોરંટ કેસ હોઈ, કાર્યરીતિના પ્રકરણ–૧૯ અન્વયે પોલીસ રેકર્ડ પરથી રજૂ વોરંટ કેસની ઈન્સાફી કાર્યવાહી અનુસરવામાં આવેલ છે. જેથી આરોપીઓ વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી, સી આર.પી.સી.ની કલમ–૨૪૨ અન્વયે ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે પરંતુ ત્યાર બાદ આરોપી નં.૨ થી ૪ હાજર ન થતા, તેઓ વિરુદ્ધ સદર કામ તેઓની ગેરહાજરીમાં ચલાવવાનો મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા આંક–૧ નીચે હુકમ થયેલ છે. આથી આરોપી નં.૧ વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. દરમ્યાન સદર કામ આરોપી નં.૧ નું વિશેષ નિવેદન લેવા પર હોય ત્યારે આરોપી નં.૧ મરણ જતાં સદર કામે આંક–૧ નીચે હુકમ કરી એબેટ જાહેર કરેલ છે.

(૫) ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપરોક્ત જણાવેલ ફોર્મ–'સી' મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે.

**<u>ફરિયાદ પક્ષના પુરાવાનું સમાપન અને આરોપીનું વિશેષ નિવેદન:</u>**

(૬) ફરિયાદ પક્ષ તરફે ઉપરોક્ત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા બાદ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક સંમતિથી પુરાવો પૂરો થયાનું જાહેર કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષના સાહેદનો મૌખિક પુરાવો તથા લેખિત પુરાવો સમગ્ર રીતે વંચાણે લેતાં, આરોપી નં.૨ થી ૪ હાજર ન થતા, તેઓ વિરુદ્ધ સદર કામ તેઓની ગેરહાજરીમાં ચલાવવાનો મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા આંક–૧ નીચે હુકમ થયેલ છે. સદર કામે આરોપી નં.૧ નું ચાલતા કામે મરણનું પ્રમાણપત્ર આંક–૭૯ થી રજૂ થયેલ છે, જેથી વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો ન હોઈ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**<u>પક્ષકારોની દલીલો:</u>**

(૭) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી. આ કામે આરોપી નં.૧ ના વિશેષ નિવેદન પર કામ રહેલ હોય ત્યારે મરણ ગયેલ છે

તેમજ આરોપી નં.૨ થી ૪ વિરુદ્ધ હાલનું કામ સીઆર.પી.સી.ની કલમ–૨૯૯ હેઠળ ચલાવવામાં આવેલ હોય આરોપી તરફે દલીલો સાંભળવામાં આવેલ નથી.

**<u>મુદ્દા અને તેના નિર્ણયો:</u>**

**(૮)** આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**:૧:** આ શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૩૧/૦૫/૨૦૦૬ ના રોજ કલાક–૨૨:૦૦ વાગ્યે, મોજે અમિ કેમ કંપની, પ્લોટ નં.૨૧૯૩/૯૫ માં ગેરકાયદેસર પ્રવેશ કરી આરોપીઓએ ફરિયાદીને છાપરાં ઉપર પથ્થર કેમ નાંખો છો, તેમ કહેતાં ફરિયાદીએ જણાવેલ કે, ''અમો પથ્થર નાંખતા નથી'' તેમ કહેતાં આરોપીઓએ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરિયાદીને ગાળો બોલી લોખંડની પાઇપથી ડાબા પગે નળા ઉપર માર મારી ફ્રેક્ચર કરેલ તેમજ સાહેદોને પણ પાઇપ–લાકડીથી માર મારી ઇજાઓ કરી ગુનો કરવામાં એકબીજાને મદદ કરી, ઇ.પી.કો.ની કલમ–૩૨૩, ૩૨૫, ૪૪૭, ૫૦૪, ૧૧૪ અને બી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુના કરેલ છે?

**:૨:** શું હુકમ?

**(૯)** ઉપરોકત મુદ્દાઓ ઉપરના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**:૧:** નકારમા

**:૨:** આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**(૧૦)** પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ હાલના કેસની સાબિતિનો બોજો ફરિયાદ પક્ષ પર રહેલ છે. તે દૂર કરવા ફરિયાદ પક્ષ દ્વારા ઉપર નોંધેલ ફકરા નંબર–૫ મુજબ મૌખિક પુરાવો અને ફકરા નંબર–૬ મુજબ લેખિત પુરાવો રેકર્ડ પર રજૂ કરેલ છે. બંને પક્ષકારોની

દલીલો ધ્યાને લીધી. કાયદાના લાગુ પડતા પ્રબંધો ધ્યાને લીધા. આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જ્યાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે, તે રીતે અનુમાન કરવું જોઇએ. વધુમાં ફરિયાદ પક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઇએ.

**(૧૧)** ફરિયાદી પક્ષે પંચસાહેદ ગોવિંદજી ખોડાજી ઠાકોરે આંક–૧૪ થી સોંગદ પર જુબાની આપી જણાવેલ છે કે, તા.૦૨/૦૬/૨૦૦૬ ના રોજ પોલીસે તા.પો.સ્ટે.માં તેમની એક તૈયાર પંચનામામાં સહી લીધેલી. પંચનામાની વિગતમાં તેઓ કાંઇ જાણતા નથી. તેમની હાજરીમાં કોઇ ઇસમે પોલીસ સાહેબ સમક્ષ કોઇ હથિયાર રજૂ કરેલ નહીં. તે અંગે પોલીસે પંચનામું કરેલ તેવું કાંઇ બનેલ નથી. આ મારક હથિયાર કબજે કર્યા અંગેના પંચનામાને રજૂ દાખલ આંક–૧૫ આપવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરાયેલ સરતપાસમાં આ પંચસાહેદે તમામ હકીકતોનો ઇન્કાર કરેલ હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યાર બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સવાલોની પરવાનગી માંગતા કરાયેલ ઉલટતપાસ દ્વારા પણ પંચનામાની હકીકતને સદર સાહેદે કોઇ સમર્થન આપેલ નથી.

**(૧૨)** ફરિયાદ પક્ષ તરફે પંચસાહેદ જયંતિભાઇ રવજીભાઇ વાલાણી આંક–૩૮ ની સોંગદ પરની જુબાનીમાં જણાવે છે કે, આજથી આશરે ૨૦૦૬ ની સાલમાં તેઓ ખાત્રજ કામથી જતા હતા, ત્યારે પોલીસે તેમની એક તૈયાર પંચનામા ઉપર સહી કરાવેલી. કઇ જગ્યાએ સહી કરાવેલ તે તેઓને યાદ નથી. પંચનામામાં પંચ નં.૧ તરીકે સહી કરેલ હોવા સિવાય તેઓ બીજું કંઇ જાણતા નથી. આ ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલને રજૂ દાખલ આંક–૩૯ આપવામાં આવેલ છે. તેઓ પોલીસ સાથે ગુનાવાળી જગ્યાએ ગયેલ નથી. તેઓ રૂબરૂ કોઇ મુદ્દામાલ કબજે કરેલ નથી, જેથી તેમને સદર

કામનો મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરાયેલ સરતપાસમાં આ પંચસાહેદે તમામ હકીકતોનો ઈન્કાર કરેલ હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યાર બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સવાલોની પરવાનગી માંગતા કરાયેલ ઉલટતપાસ દ્વારા પણ પંચનામાની હકીકતને સદર સાહેદે કોઈ સમર્થન આપેલ નથી.

**(૧૨.૧)** બચાવ પક્ષે વિ.વ.શ્રી દ્વારા આ પંચસાહેદની ઉલટતપાસ કરતાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તૈયાર કાગળમાં સહી કરાવેલી તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી. તેવી હકીકત જણાવેલ છે.

**(૧૩)** ફરિયાદ પક્ષ તરફે પંચસાહેદ જયંતિભાઈ રવજીભાઈ વાલાણી આંક–૩૮ ની સોંગદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૨/૦૬/૨૦૦૬ ના રોજ પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલી. પંચનામા બાબતે તેઓને કોઈ માહિતી નથી. તેઓએ આંક–૧૫ વાળું પંચનામુ વાંચેલ નહીં. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરાયેલ સરતપાસમાં આ પંચસાહેદે તમામ હકીકતોનો ઈન્કાર કરેલ હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યાર બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સવાલોની પરવાનગી માંગતા કરાયેલ ઉલટતપાસ દ્વારા પણ પંચનામાની હકીકતને સદર સાહેદે કોઈ સમર્થન આપેલ નથી. બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી દ્વારા આ સાહેદની ઉલટતપાસ કરાયેલ નથી.

**(૧૩.૧)** ફરિયાદ પક્ષ તરફે આ જ પંચસાહેદે પુન: આંક–૬૦ થી સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને બનાવ સંબંધે કોઈ વસ્તુ યાદ નથી. તેઓ પોલીસ સ્ટેશન ગયેલ નથી. આરોપી તેમના ગામના હોઈ તેથી તેઓ ઓળખે છે. તેઓને આંક–૧૫ નું પંચનામું બતાવવામાં આવતા પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. પોલીસે તેમને સહી ક્યાં કરાવેલી તે તેઓને યાદ નથી. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરાયેલ સરતપાસમાં આ પંચસાહેદે તમામ હકીકતોનો ઈન્કાર કરેલ હોય તેઓને ફરી

ગયેલા સાહેદ જાહેર કરેલ છે. ત્યાર બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સવાલોની પરવાનગી માંગતા કરાયેલ ઉલટતપાસ દ્વારા પણ પંચનામાની હકીકતને સદર સાહેદે કોઇ સમર્થન આપેલ નથી. બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી દ્વારા આ સાહેદની ઉલટતપાસ કરાયેલ નથી.

(૧૪) ફરિયાદી પક્ષે પોલીસ સાહેદ કરણસિંહ બળદેવસિંહ વાઘેલા આંક–૭૧ થી સોગંદ પર જુબાની આપી જણાવેલ છે કે, સને ૨૦૦૬ ના અરસામાં તેઓ કલોલ તાલુકા પો.સ્ટે.ના સાંતેજ ઓ.પી.માં હે.કો. તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે ટેલિફોન વર્ધી કેસર સાલ હોસ્પિટલ તરફથી આવેલ, જે વર્ધીનાં આધારે તેઓની રૂબરૂમાં ફરિયાદીએ ફરિયાદ લખાવેલ, જેમાં ફરિયાદી નોકરી ઉપર હતા, ત્યારે આરોપીઓએ તેમની સાથે પથ્થર નાંખવા બાબતે બોલાચાલી કરેલ અને બોલાચાલીનું સ્વરૂપ બદલાતા આરોપીઓએ એક સંપ થઇને ફરિયાદીને ડાબા પગના ભાગે નળા ઉપર પાઇપ મારેલ અને અન્ય લોકોએ લાકડીઓથી માર મારેલ, તેવી ફરિયાદ તેઓએ રૂબરૂ સદર હોસ્પિટલમાં જઇને લીધેલ, જે ફરિયાદને રજૂ દાખલ આંક–૭૨ આપવામાં આવેલ છે. સદર ફરિયાદનાં આધારે પી.એસ.ઓ. નાઓએ સૂચિપત્રથી ગુનો રજી. કરી આ કામની તપાસ સાથેના પી.એસ.આઇ. આર. એમ. વાળા નાઓને સોંપેલ, જે સૂચિપત્રને રજૂ દાખલ આંક–૭૩ આપવામાં આવેલ છે. આરોપીઓ વિરુદ્ધ પૂરતા પુરાવા જણાતા તેઓએ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે. સદર કામના તપાસ કરનાર અમલદાર મૈચત થયેલ છે જે સદર પોલીસ સાહેદ જાણે છે. મજકૂર કામમાં આંક–૩૯ અને આંક–૧૫ વાળા પંચનામામાં રૂબરૂ તરીકે સાથેના પી.એસ.આઇ.શ્રી વાળાનાઓની સહી ઓળખી બતાવેલ છે. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં આ પોલીસ સાહેદે તમામ હકીકતનો ઇન્કાર કરેલ છે.

(૧૫) આ કામે આરોપીઓ વિરુદ્ધના આક્ષેપિત ગુનાના તત્વોને ધ્યાને લેતાં તથા રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતાં, કેસર સાલ હોસ્પિટલના મેડિકલ સર્ટિફિકેટ આંક–૭૪ થી ૭૬ સુધીના રજૂ થયેલ છે,

જેના આધારે આ કામના ફરિયાદી તેમજ અન્ય સાહેદોને ઈજા થયેલ હોવાનું માલુમ પડે છે. આ કામે પંચસાહેદોએ તેમની જુબાનીમાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રી દ્ધારા તેમને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ પોલીસ સાહેદના પુરાવાથી ફરિયાદી પક્ષના કેસની હકીકતો મુજબ પુરાવો આપવામાં આવેલ છે પરંતુ તેમના દ્ધારા અપાયેલ પુરાવાના સમર્થનરૂપે ફરિયાદ પક્ષ મૂળ ફરિયાદીને કોર્ટ સમક્ષ પુરાવો આપવા લાવી શકેલ નથી તેમજ અન્ય કોઇ સ્વતંત્ર સાહેદો પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા નથી અને ફરિયાદ પક્ષે ત.ક.અ. પણ મરણ ગયેલ હોવાનું રેકર્ડ આધારિત જણાતું હોય ત્યારે સદર આંક–૭૧ થી ફરિયાદ પક્ષે અપાયેલ પોલીસ સાહેદના પુરાવા આધારિત આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહીં. સદર કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૩ અને ૧૪ ને પ્રોસેસ કાઢવામાં આવતા આંક–૬૨ અને ૬૩ થી તે બંનેના મરણના શેરા સાથે પરત આવેલ છે તેમજ આંક–૬૪ થી સાહેદ નં.૧૪ નું મરણનું પ્રમાણપત્ર રજૂ થયેલ છે. આ કામે અન્ય કોઇ સાહેદના લેખિત કે મૌખિક પુરાવા રેકર્ડ પર આવેલા નથી. ફરિયાદ પક્ષ દ્ધારા આરોપીઓ વિરુદ્ધ આક્ષેપિત ગુનાની તાત્વીક હકીકતોના પુરાવાનો રેકર્ડ પર અભાવ છે. ફરિયાદ પક્ષે કોઈ પણ કોઈ પણ સાહેદ કે પંચસાહેદોને તેઓના સમર્થનમાં રેકર્ડ પર પુરાવો આપવા લાવી શકાયેલ ન હોઇ પ્રસ્તુત ફરિયાદની હકીકતને જરા પણ સમર્થન મળતું નથી. ફરિયાદ પક્ષે તપાસેલ સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતાં આ ગુનો સદર કામના આરોપીઓએ જ કરેલ હોય તેવો આધાર રેકર્ડ પર રજૂ થયેલ નથી. આમ, ફરિયાદ પક્ષે રજૂ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનો પુરાવાના અભાવે શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ અદાલત એ સિધ્ધાંત સુવિદીત છે કે, માત્ર એક સાહેદનો પુરાવો સુદ્રઢ, વિશ્વસનીય અને શંકાથી પરે હોય તો તેના ઉપર આધાર રાખી શકાય પરંતુ જ્યારે પુરાવામાં શંકા ઉદ્ધભવે ત્યારે તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુના શંકા પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેથી મુદ્દા નંબર–૧ નો નિર્ણય નકારમાં

આપવામાં આવે છે અને મુદ્દા નંબર–૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના **આરોપી નં.૧** ભુપતજી શનાજી ઠાકોર (એબેટ), રહે. રાજનગર પરૂં, સાંતેજ, તા. કલોલ, જી. ગાંધીનગર નાઓ ચાલતા કામે સદર કામ તેમનું વિશેષ નિવેદન લેવા પર હોય મરણ ગયેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોય જેથી તેમની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના **આરોપી નં. ૨** કેશભાઇ ચંદુભાઇ હઠીલા (એબ્સ્કોંડીંગ), હાલ રહે. શાહ એલોયેઝ ફેક્ટરી, સાંતેજ, તા. કલોલ, જી. ગાંધીનગર, મૂળ રહે. દાહોદ રેલ્વે સ્ટેશન બાજુમાં, તા.જી. દાહોદ તથા **આરોપી નં.૩** સોબનભાઇ બહીયાભાઇ ભિલવાડ (એબ્સ્કોંડીંગ), હાલ રહે. શાહ એલોયેઝ ફેક્ટરી, સાંતેજ, તા. કલોલ, જી. ગાંધીનગર, મૂળ રહે. કાછલા, તા. ગરબાડા, જી. દાહોદ તથા **આરોપી નં.૪** વિનુભાઇ બચુભાઇ હઠીલા (એબ્સ્કોંડીંગ), હાલ રહે. શાહ એલોયેઝ ફેક્ટરી, સાંતેજ, તા. કલોલ, જી. ગાંધીનગર, મૂળ રહે. અભલોડ, તા. ગરબાડા, જી. દાહોદ નાઓ ગેરહાજર હોવાથી સીઆર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબ આરોપી નં.૨ થી ૪ ની ગેરહાજરીમાં સદર કામ ચલાવવા હુકમ કરાયેલ હોઇ સદર કામે પડેલ પુરાવા આધારિત સદરહું આરોપીઓને પણ પડેલ પુરાવા આધારિત તક્સીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રજૂ થયેલ ન હોઈ સદરહું આરોપી નં.૨ થી ૪ ને ઇ.પી.કો.ની કલમ–૩૨૩, ૩૨૫, ૪૪૭, ૫૦૪, ૧૧૪ અને બી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપી નં.૧ મરણ ગયેલ છે. તેમજ આ ચૂકાદો આરોપી નં.૨ થી ૪ ની ગેરહાજરીમાં જાહેર કરેલ છે, તેથી અપીલ સમય

સુધીના જામીન લેવા સંબંધે કોઇ આદેશ નથી.

(૪) આ કામે કબજે કરેલ મુદ્દામાલ અપીલ સમય બાદ યોગ્ય રાહે નિકાલ કરવો.

આજ તારીખ ૨૫ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: કલોલ
તારીખ: ૨૫/૦૩/૨૦૨૬

***અલીઅસગર હસનઅલી હીરાની***
અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
કલોલ જી. ગાંધીનગર. (જીજે ૦૧૧૮૪)

KK